


ગાંધીનગરના સૌથી મોટા શોપીંગ મોલ ડી માર્ટ ખાતે પાર્કિંગની સુવિધા ઓછી પડે છે. મોટી સંખ્યામાં ગ્રાહકો અહીં આવતા હોવાથી પાર્કિંગની સમસ્યા સર્જાય છે. ખરીદી કરવા આવતા ગ્રાહકો પોતાના વાહનો આડેધડ પાર્ક કરતા હોવાથી સ્થાનિકોને તે અડચણરૂપ બને છે. રહેણાંક વિસ્તારમાં ઘણા વાહનચાલકો પોતાનુ વાહન પાર્ક કરી શોપીંગ માટે જતાં હોવાથી આ બાબતનો વિરોધ સ્થાનિકો દ્વારા થઈ રહ્યો છે. સ્થાનિકોના ટોળા 'ડી માર્ટ' આગળ એકત્ર થતાં પોલીસે દરમ્યાનગીરી કરવી પડી હતી અને અડચણરૂપ વાહનોને અહીંથી હટાવ્યા હતા.

# નજીવા વરસાદના અંતે સેકટરોમાં અંધારપટ્ટ

## સેકટરોમાં વરસાદી સમસ્યા વચ્ચે અંધારુ છવાયેલુ રહેતા રહીશોમાં ભયની લાગણી : સેકટરોમાં વારંવાર ડુલ થતી સ્ટ્રીટ લાઇટની સમસ્યાનુ કાયમી નિરાકરણ આવે તેવી પ્રબળ માંગ

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં નજીવા વરસાદના અંતે સેકટરોમાં અનેકવિધ સમસ્યાઓથી રહીશો પરેશાન છે. સાંજ ઢળતા જ સેકટરોના આંતરિક વિસ્તારમાં અને કોમન પ્લોટમાં સ્ટ્રીટ લાઇટો ડુલ રહેતા અંધારપટ્ટ છવાઈ જાય છે. વરસાદી વાતાવરણમાં સેકટરોમાં રખડતા ઢોરની સમસ્યા પણ રહીશો માટે પરેશાનીનુ કારણ બની છે ત્યારે રાત્રિના સમયે અંધારપટ્ટના લીધે સેકટરવાસીઓમાં ભયની લાગણી વ્યાપી છે.

ગાંધીનગરમાં નજીવા વરસાદના અંતે મોટીમસ સમસ્યાઓથી સેકટવાસીઓ પરેશાન છે. સેકટરોમાં એકબાજુ વરસાદી પાણીના ખાબોચિયા ભરાતા ઠેર ઠેર કાદવ કિચ્ચડના દ્રશ્યો જોવા મળે છે જયારે સફાઈના અભાવે પણ ગંદકીનુ સામ્રાજય છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોના આંતરિક વિસ્તારમાં ઢળતી સાંજ બાદ મુલાકાતીઓને દિશા ન સુઝે તેવી સ્થિતિ સર્જાય છે. સેકટરના આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતા અંધારપટ્ટના લીધે સોસાયટીના રહીશોએ પારાવાર હાલાકી વેઠવી પડે છે. સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ચાલુ હોય ત્યારે પણ થાંભલાને આડશ બનતી વૃક્ષોની તોતિંગ ડાળીઓના લીધે પુરતુ અજવાળુ પડતુ નથી ત્યારે હજુ પુરતો વરસાદ પણ આવ્યો નથી ત્યાં સેકટરોમાં સ્ટ્રીટ લાઈટની સમસ્યા વધુ ગંભીર બની છે. શહેરના નવા સેકટરોમાં ઠેર ઠેર લાઈટો ડુલ છે. સાંજે વોકીંગમાં જતા નાગરિકો પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે. લાઈટો ડુલ રહેતા સેકટરોના રીંગ રોડ તેમજ આંતરિક માર્ગો પર જતા પણ મહીલાઓ અને સનિયર સિટીઝન્સ ભયની લાગણી અનુભવે છે. આ સ્થિતિમાં સેકટરોમાં રખડતા ઢોર પણ રાહદારીઓને રાત્રિના અંધારપટ્ટમાં અડફેટે લે તેવી

● અનુસંધાન પાન-૭ પર

# મહાત્મા મંદિર ખાતે ૨૨-૨૩ જુલાઈના રોજ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા વર્કશોપ

## વર્કશોપમાં એફ.એલ.સી. અને મતદારયાદી જેવા મહત્વના વિષયો : પંચના સિનીયર અધિકારીઓ અને ઈજનેરોની ટીમ આવશે

ગાંધીનગર, તા. ૧૮

આગામી ૨૨ અને ૨૩ જુલાઈ કેન્દ્રીય ચૂંટણી પંચની ટીમ ગાંધીનગર આવી રહી છે. સિનીયર અધિકારીઓની ટીમ ગુજરાત આવી રહી હોવાથી ભારે ધમધમાટ જોવા મળી રહ્યો છે.

મળતી વિગતો મુજબ ૨૨ અને ૨૩મી જુલાઈના રોજ ચૂંટણીપંચ દ્વારા ખાસ વર્કશોપનું મહાત્મા મંદિર ખાતે આયોજન કરવામાં આવ્યુ છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે ૨૨મી જુલાઈના રોજ ઈ.વી.એમ.ના ફર્સ્ટ લેવલ મેકિંગની કામગીરીને લઈ ખાસ વર્કશોપ યોજવામાં આવ્યો છે. જેમાં ૨૪ જિલ્લા કલેક્ટરો અને નાયબ જિલ્લા અધિકારીઓ અને ભેલ તેમજ ઈ.વી.એમ. સપ્લાય કરતી અન્ય એજન્સીના ઈજનેરોની ટીમ હાજર રહેશે.

૨૩મીના રોજ મતદારયાદી સંદર્ભે જિલ્લા કલેક્ટરો, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ તેમજ મતદાર નોંધણી અધિકારીઓ માટેનો વર્કશોપ યોજવામાં આવેલ છે.

આ બે દિવસીય વર્કશોપમાં હાજરી આપવા માટે પાંચથી વધુ સિનીયર અધિકારીઓ ચૂંટણી પંચમાંથી આવી રહ્યા છે.

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બર માસમાં યોજાવાની છે અને ચૂંટણી પંચના અધિકારીઓની ટીમ બે દિવસનો વર્કશોપ યોજવા માટે ગાંધીનગર આવી રહી હોવાથી પાટનગરના રાજકીય વર્તુળો પણ ઉત્તેજીત છે.

પંચ દ્વારા ચૂંટણીઓ અંગેની તૈયારીઓ હાલ ધીમી ગતિએ ચાલુ કરવામાં આવી છે પણ સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં આ તૈયારીઓ વેગ પકડશે તેમ મનાઈ રહ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે રાજયની વિધાનસભા માટે રાજયભરમાં ૫૬ હજારથી વધુ મતદાન મથકો આવેલા છે. એટલે ઓગષ્ટ માસના પ્રથમ સપ્તાહથી અથવા તો બીજા સપ્તાહથી ઈ.વી.એમ., બેલેટ યુનિટ, કંટ્રોલ યુનિટ અને વી.વી. પેટનું ફર્સ્ટ લેવલ ઈન્સ્પેક્શનની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કામગીરી ઓગષ્ટના અંત સુધીમાં સંપન્ન કરી દેવામાં આવે તેવા સ્પષ્ટ સંકેતો છે.

મળતી વિગતો પ્રમાણે મતદારયાદીના વર્તમાન નિયમોમાં પણ પંચ દ્વારા સુધારા કરવામાં આવ્યા છે. મતદાર કાર્ડને આધાર કાર્ડ સાથે લીંક કરવા સહિતના મહત્વના સુધારાઓ પર બીજે દિવસે વર્કશોપમાં ચર્ચા કરવામાં આવશે.

સપ્ટેમ્બરમાં મતદારયાદી સુધારણા ઝુંબેશ પણ યોજાઈ શકે છે તેવા સંકેતો પંચના વિશ્વસનીય સૂત્રોમાંથી મળી રહ્યા છે. ૨૨ અને ૨૩મીના બે દિવસીય વર્કશોપને લઈ હાલ પંચના અધિકારીઓ દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

# જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન દિનેશજી ઠાકોરનું રાજીનામુ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન દિનેશજી ઠાકોરે કારોબારી સમિતિના ચેરમેન અને સભ્યપદેથી આજે રાજીનામુ આપી દીધુ છે.

જિલ્લા પંચાયતના પ્રમુખને તેમણે કારોબારી સમિતિના ચેરમેન તરીકે તેમજ કારોબારી સમિતિના સભ્ય તરીકે એમ બે રાજીનામાના અલગ-અલગ પત્રો મોકલી આપ્યા છે જેનો જિલ્લા પંચાયત પ્રમુખે રાજીનામાનો સ્વીકાર કરી અને મંજૂર કરી આગળની કાર્યવાહી માટે કચેરીમાં મોકલી આપ્યા છે.

કલોલની બોરીસણા બેઠક પર વિજેતા બનેલ ભાજપના દિનેશજી ઠાકોર સામે બે ફરિયાદો થઈ છે તેમજ જિલ્લાના એક મહિલા અધિકારી સાથે પણ ગેરવર્તુણુંકનો કિસ્સો ચર્ચામાં રહ્યો છે.

દિનેશજી ઠાકોરે આજે સાંજે તેમના રાજીનામાના પત્રો જિલ્લા પંચાયત પ્રમુખને મોકલી આપ્યા હતા.

દિનેશજી ઠાકોર સામે થયેલ કાર્યવાહીને લઈ આજે પંચાયતમાં સન્નાટો વ્યાપી ગયો હતો.

દરમ્યાન કલોલના જ અનિલ પટેલે પત્રકારોને જણાવ્યુ હતુ કે કલોલ તાલુકાના વિકાસને આંચ નહિ આવે કલોલ એ પહેલા પણ પ્રગતિશીલ તાલુકો હતો અને છે તેમ જ રહેશે.

દિનેશજી ઠાકોરે રાજીનામા પછી એક નિવેદનમાં તેમના વિરોધી અને કોંગ્રેસે ખોટા આક્ષેપો કરી મારી કારકિર્દી સાથે ચેડા કર્યા છે. જેનાથી કલોલના વિકાસને પણ અસર થઈ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ભારતીય જનતા પાર્ટીના ચેરમેને રાજીનામુ આપ્યું હોય તેવી પહેલી ઘટના હોઈ જિલ્લાના રાજકારણમાં પણ ખળભળાટ મચી જવા પામ્યો છે.

જિલ્લામાં હવે કારોબારી સમિતિએ જ્યારે નવી બેઠક મળશે તેમાં નવા ચેરમેનની નિયુક્તિ તેમજ સભ્યની નિમણુંક બાબતે સામાન્ય સભા સુધી રાહ જોવાની રહેશે. હવે એ જોવાનં રહ્યું કે, આગામી દિવસોમાં જિલ્લા પંચાયતના કારોબારી સમિતિના ચેરમેન તરીકે કોની પસંદગી થાય તે જોવાનું રહ્યું.

# શહેર-જિલ્લામાં ધો.૧૦, ૧૨ની પૂરક પરીક્ષાનો પ્રારંભ

## જિલ્લાના વિવિધ ૧૭ પરીક્ષા સ્થળ પર ૧૬૪ બ્લોકમાં પરીક્ષા આરંભાઈ : પરીક્ષા દરમિયાન કોઇપણ પ્રકારની ગેરરીતી ન થાય તેની વિશેષ તકેદારી

ગાંધીનગર તા ૧૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો-૧૦ અને ૧૨ માં એકાદ વિષયમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ માટે પુરક પરીક્ષાનુ આયોજન કરાયુ છે. આજથી શરૂ થયેલી આ પુરક પરીક્ષા માટે જિલ્લાના વિવિધ ૧૭ પરીક્ષા સ્થળો પર કુલ ૧૬૪ બ્લોકમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તમામ બ્લોક સી સી કેમેરાની વોચથી સજ્જ છે. જયારે પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તેની પણ પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે. પરીક્ષાને અનુલક્ષી કાઉન્સિલરોની નિમણુંક સાથે કન્ટ્રોલ રૂમ પણ કાર્યરત કરી દેવાયો છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની પુરક પરીક્ષાનુ આયોજન કરાયુ છે. જેમાં ધો-૧૦ અને ૧૨ માં એકાદ વિષયમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ માટે આ પરીક્ષાનુ બોર્ડ કક્ષાએથી આયોજન કરવામાં આવ્યુ છે પરીક્ષા સમિતિની બેઠકમાં પણ પરીક્ષાના આયોજનને અનુલક્ષી જરૂરી નિર્ણય કરવામાં આવ્યા હતા. જયારે આ પરીક્ષાને અનુલક્ષી સમિતિ કક્ષાએથી સુચવાયેલી બાબતોને ધ્યાનમાં રાખી જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા તમામ પારદર્શક રીતે શાંતિપુર્ણ માહોલમાં વિદ્યાર્થી પરીક્ષા આપી શકે તે મુજબનુ આયોજન કરાયુ છે. તા ૧૮ થી ૨૨ જુલાઈ દરમિયાન પુરક પરીક્ષાનુ આયોજન કરાયુ છે. સોમવારથી વિવિધ કેન્દ્રો પર પ્રથમ દિવસે વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર પરીક્ષા આપી હતી.

### કોરોના સ્થિર થયો

# શહેરમાં ૧૬ અને ગ્રામ્યમાં ૨૧ નવા કેસ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના સ્થિર થયો છે. શહેર-જિલ્લામાં આજે વધુ ૩૭ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં ૧૬ અને ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં ૨૧ નવા કેસ નોંધાતા તંત્રની દોડધામ વધી જવા પામી છે.

**ગાંધીનગર ગ્રામ્યમાં ૧૫ કેસ અને કલોલમાં પાંચ કેસ અને દહેગામમાં ૧ કેસ નોંધાયો : ગાંધીનગર શહેરમાં આજે સે. ૮ માંથી ૩, કુડાસણ અને જાણીતા શૈક્ષણિક સંકુલ આઈઆઈટીમાંથી ૨-૨ કેસ મળવા ઉપરાંત રાંધેજા, પોર, રાયસણ, ધોળાકુવા, સે. ૨, ૩, ૭, ૧૨ અને ૨૯માંથી પણ કેસ મળ્યા**

ગાંધીનગર શહેર-જિલ્લામાં કેસોની સંખ્યામાં વધ-ઘટ થવા સાથે લોકલ ટ્રાન્સમિશનથી નોંધાઈ રહેલા કેસોને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેર-જિલ્લામાં કોરોના ગાઈડલાઈન્સના પાલન માટે લોકોની બેદરકારી પણ તંત્રની ચિંતાનો મુદ્દો છે.

શહેર-જિલ્લામાં મહિલા દર્દીઓ અને ૬૦થી વધુ વયના દર્દીઓ વધુ ને વધુ સંક્રમિત થઈ રહ્યા હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે. તંત્રએ મોટી વયના લોકોને જરૂરી ના હોય તો બહાર ન નીકળવા પણ અપીલ કરી છે. લોકલ ટ્રાન્સમિશનથી વધી રહેલા કેસોને પગલે તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે માટે પણ તાકીદ કરી છે.

શહેર-જિલ્લામાં પોઝીટીવીટી રેટ ૩.૫૦ ટકાની આસપાસ જણાયો છે. આને

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં બી.એલ.ઓ. દ્વારા એક લાખ ઘરોની મુલાકાત લઈ મતદાતા વેરીફીકેશનની કામગીરી પૂરી કરી છે

## ૮મી જુલાઈથી શરૂ થયેલી આ કામગીરી ૨૨મી જુલાઈ સુધી ચાલશે : ૧૩૪૫ બી.એલ.ઓ. દ્વારા આ વેરીફીકેશનની કામગીરી ચાલી રહી છે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં બુથ લેવલ ઓફિસરો દ્વારા મતદાર વેરીફીકેશનની કામગીરીમાં અત્યાર સુધીમાં એક લાખથી પણ વધુ ઘરોને આવરી લેવામાં આવ્યા છે.

૮મી જુલાઈથી શરૂ થયેલ આ ઝુંબેશ ૨૨ જુલાઈ સુધી જિલ્લાભરમાં ચાલશે. ચૂંટણીપંચની સૂચનાથી જિલ્લામાં ૧૩૪૫ જેટલા બુથ લેવલ ઓફિસરો દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરીનુ સુપરવિઝન ૧૭૪ જેટલા અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહ્યુ છે.

નાયબ જિલ્લા અધિકારી કચેરીના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ બુથ લેવલ ઓફિસર દ્વારા વેરીફીકેશનની સાથે સાથે નવા મતદારોની નોંધણી માટે જાગૃત્તિ, મરણ પામનાર કે સ્થળાંતર કરી ગયેલા મતદારોના નામ કમી કરવા તેમજ મતદારના નામની સુધારણા માટેની વિગતો એકત્ર કરવામાં આવે છે.

મળતી વિગતો પ્રમાણે ૪૧૨૬ જેટલા ફોર્મ નં. ૬ નું વિતરણ આ અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યુ છે. તો ફોર્મ નં. ૭ જે નામ કમી કરવા માટે છે તે માટે ૫૭૦૦ જેટલી અરજીઓ મળી છે.

જિલ્લામાં આગામી વિધાનસભાની ચૂંટણીમાં ૩૩૦૦થી વધુ મતદારો દ્વારા પ્રથમવાર મતદાન કરવામાં આવશે.

મતદાર યાદી આમ તો ૫મી જાન્યુઆરીએ પ્રસિદ્ધ થઈ ગયા પછી સતત સુધારણા ઝુંબેશ અને મતદાર નોંધણી અભિયાન ચાલુ જ છે. તંત્રના આ સૂત્રોએ જણાવ્યુ છે કે મતદાર નોંધણી માટે પહેલા ૧લી જાન્યુઆરીને માન્ય ગણવામાં આવતી હતી પંચે તેમાં સુધારણા કરી હવે ૧ એપ્રિલ, ૧લી જુલાઈ અને ૧લી ઓક્ટો.ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર તમામને મતદાર યાદીમાં સમાવવાનો નિર્ણય કર્યો છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે સતત મતદાર નોંધણી માટે હવે ઓનલાઈન પણ વધુ યુવાઓ તેમના નામ દાખલ કરવા માટેની અરજીઓ કરી રહ્યા છે. જિલ્લામાં મતદાર જાગૃત્તિનું પ્રમાણ સારૂ હોવાનું પણ આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

### સરકારી આવાસોના ભાડા મામલે

# બાકીદારોની યાદી ઓનલાઈન કરવાની વાત હજુ કાગળ પર

## પ્રતિક્ષા યાદી ની સાથે ભાડા મામલે પણ સઘળી વિગતો ઓનલાઇન કરવા સોફ્ટવેર પણ તૈયાર કરાયુ હતુ જો કે હજુ સુધી આ યોજના અમલી ન બનતા ભાડા વસુલીની કામગીરી અસરકારક અને પારદર્શક બની નથી

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં સરકારી આવાસોમાં રહેતા અનઅધિકૃત કબજેદારો સામે પગલા લેવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. એકબાજુ શહેરમાં રહેણાંકને લાયક સરકારી આવાસો ન હોવાના લીધે તંત્રના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. જયારે આ આવાસોના મામલે પ્રતિક્ષા યાદી પણ ઓનલાઈન મુકવામાં આવી છે. જયારે આવાસોનુ ભાડુ નહીં ચુકવનારા બાકીદારોની યાદી પણ ઓનલાઈન મુકવા નિર્ણય લેવાયો હતો પરંતુ જો કે હજુ આ મામલે કાંઈ થયુ નથી જેના લીધે સમગ્ર વાત લાંબા સમયના અંતે પણ અધ્ધરતાલ છે. આવાસોના ભાડા મામલે બાકીદારોના નામ ઓનલાઈન જાહેર થતા આ મામલે ચર્ચા ઉદભવાની સાથે ભાડાની વસુલાત મામલે પણ અસરકારક પુરવાર થશે. ભાડાની વસુલાત મામલે થયેલા ગોટાળાના લીધે અગાઉ પાટનગર યોજના ભવનની સામે પણ અનેકવાર આંગળી ઉંચી થઈ છે. જયારે આ વર્ષો જુની પ્રક્રીયામાં સકારાત્મક અને અસરકારક બદલાવ લાવવા માટે ઉચ્ચ કક્ષાએથી પણ સુચનો કરવામાં આવ્યા હતા. જયારે આ મામલે સંપુર્ણ ડેટા કોમ્પ્યુટર આધારિત થઈ જાય અને સોફટવેર તૈયાર કરવા માટે નિષ્ણાંતો સાથે બેઠકો પણ યોજવામાં આવી હતી. સુત્રોમાંથી પ્રાપ્ત થતી માહીતી અનુસાર સોફટવેર પરિક્ષણના પરિણામો પણ હકારાત્મક મળતા તંત્રના વિવિધ શાખામા આ મામલે કામ કરતા કર્મચારીઓને જરૂરી તાલીમ પણ આપવામાં આવી હતી. જયારે આવાસોની પ્રતિક્ષા યાદી ઓનલાઈન કરવામાં આવ્યા બાદ આવાસોની ફાળવણી તેમજ ભાડા સહીતની વિગતો પણ ઓનલાઈન કરવા માટેનુ આયોજન કરાયુ હતુ. એકબાજુ આવાસો અંગેની માહીતી અન્વયે પ્રતિક્ષા યાદી ઓનલાઈન થતા પાટનગર યોજના ભવન તેમજ સેકટરોની ઈન્કવાયરી સુધી ધક્કા ખાવાનો વારો આવતો નથી. જયારે કામના સ્થળેથી જ આ મામલે સઘળી વિગતો મળી જાય છે. જો કે હજુ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# સે. ૨૪માં શાક માર્કેટ નજીકનો માર્ગ ફરી બિસ્માર બન્યો..!!

ગાંધીનગર તા.૧૮

ગાંધીનગરના સેક્ટર-૨૪ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસેથી સેક્ટર-૨૩ તરફ જતો શાક માર્કેટ નજીકનો માર્ગ ફરી બિસ્માર બની જવા પામ્યો છે. આ માર્ગ પર થોડા વરસાદમાં પણ પાણી ભરાઈ જવાની સમસ્યા સર્જાઇ રહી છે. મુખ્ય રસ્તા પર જ વરસાદી પાણીનું તળાવ ભરાઈ જવાને કારણે આ વિસ્તારના વાહનચાલકોને અને રાહદારીઓને ખુબજ મુશ્કેલીઓ વેઠવી પડે છે.

**રસીકરણ શુભારંભ માટે વીવીઆઇપીઓ આવવાના હતા ત્યારે વહીવટીતંત્રએ કરેલો મેકઅપ ઉતરી ગયો**

તાજેતરમાં સે.૨૪ના આ માર્ગ પરથી આરોગ્ય કેન્દ્ર ખાતે કોવિડ-૧૯ના બુસ્ટર ડોઝના રસીકરણ અભિયાનનો શુભારંભ કરવા મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી સહિત વીવીઆઈપી કાફલો પધાર્યો હતો. એ સમયે આ માર્ગને થાગડ-થીગડ કરીને સજાવી દેવાયો હતો પરંતુ બીજા જ દિવસથી વરસેલા થોડા થોડા વરસાદે આ રોડ પર વહીવટીતંત્રએ તેમની પોલ છુપાવવા કરેલો મેકઅપ ઉતારી નાંખ્યો છે. હાલ આ માર્ગ પર વરસાદી પાણીના ભરાવાની સમસ્યા સર્જાઈ રહી છે. ચોમાસાની શરૂઆતમાં જ આ વિસ્તારની આવી હાલત છે તો આગામી દિવસોમાં ચોમાસા દરમ્યાન હાલત વધારે ખરાબ થઈ શકે તેમ છે તેમજ રોગજન્ય જીવજંતુઓનો ઉપદ્રવ થવાથી રોગચાળો ફાટી નીકળવાની પૂરેપૂરી શકયતા રહેલી છે. આ સ્થિતિમાં સમયસર પાણીના નિકાલની કાયમી વ્યવસ્થા કરવી જરૂરી જણાય છે. અગાઉ આ બાબતે સ્થાનિક અને શાક માર્કેટના અગ્રણીઓ દ્વારા અનેક રજુઆતો કરવામાં આવી ચુકી છે પરંતુ હજુ આ માર્ગને કાયમી રીતે મજબૂત બનાવવા અંગે કોઈ પગલાં લેવામાં આવ્યાં નથી.



Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com